ગાંધીનગર સમાચાર



## સલામી સવારની..



સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

079-23226251

*વિજયની સુનામીમાં 'નોટબંધી' તણાઈ ગઈ!*
*પોલાં વચનના ગઢ આડે ભીંત ચઢાઈ ગઈ!*
*દુહાઈ ગયું હતું દહીં ને થઈ ગયો શીખંડ -*
*તૂટતો'તો વિશ્વાસ ત્યાં સપ્તપદી ભણાઈ ગઈ!*
*(હાલ તુરત થીગડું લાગ્યું...)*

હાઈકુ

*થયો કમળો?!*
*વિપક્ષોને દેખાય -*
*બધું કેસરી!!*

*ત્રાડ પ્રેમથી*
*'ડણક' નમ્રતાની -*
*સ્વભાવ ગત!!*

### ચિંતન

**ખલ સન કલહ ન ભલ નહિ પ્રીતિ ।**

*ઉપરોક્ત ચોપાઈ ઉત્તરકાંડમાંથી લેવામાં આવેલ છે.*

*નીતિ એમ કહે છે કે દુષ્ટની સાથે કલહ કે પ્રેમ (કાંઈ પણ) કરવો એ હિતકર નથી.*

*લુચ્ચા - દુર્જન લોકોથી દૂર જ રહેવું એવા લોકો દંભી અને કપટી હોય છે સ્વાર્થ સિવાય કોઈની પણ મિત્રતાએ કરતા નથી. તેમની મૈત્રી કે દુશ્મની બંને ખતરનાક છે માટે તેમનાથી દૂર રહેવામાં જ સાર છે.*

### સુવિચાર

- રાવણનો તું રાહ ન ધર, દુર્યોધન ને ના અનુસર, ભ્રમમાં ના રહેવું પલભર, સાથે કંઈ આવે તલભર - **એસ. ભટ્ટાચાર્ય**
- તમારા યૌવનને મશાલ બનાવજો, જો જો જોબન જવાળા ન બને - **વજુ કોટક**
- સેવા કે નામ પર સોદા હો રહા હૈ, ધર્મ કે નામ પર ધંધા હો રહા હૈ, કયા હો ગયા હૈ ન જાને આજ ઈન્સાન કો, ધન કે પીછે વહ અંધા હો રહા હૈ - **અલ્તાફ પટેલ**
- માણસ જાતનું ભાવિ નાનાં બાળકના પગ ઉપર આગેકૂચ કરે છે - **જાપાની કહેવત**
- દીવો બોલતો નથી પણ પ્રકાશે છે તેમ માણસે પણ બોલવું નહીં પણ કર્તવ્ય બજાવવું જોઈએ - **અરવિંદ ઘોષ**
- પ્રાર્થનાની ખૂબી એ છે કે તે બધાં પ્રલોભનો પર વિજય અપાવે છે - **દયાનંદ સરસ્વતી**
- આજનું ઔષધ : માઈગ્રેનની તકલીફમાં સરસવનું તેલ સુંઘવાથી ફાયદો થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

જયાં એકતા-સંપ-આજ્ઞાકિંતપણું - વિનય - નમ્રતા હોય 'સફળતા' તેમને ત્યાં જ જાય છે.

સંયુકત કુટુંબ તરીકે રહેતા બે પરિવારો, એકબીજાના સારા પાડોશી હતા. સમય જતા એક પરિવારની સફળતા વરસે ને વરસે વધતી જતી હતી અને બીજા પરિવારની નિષ્ફળતા પર નિષ્ફળતા મળતી હતી. એક દિવસ નિષ્ફળ પરિવારના વડિલે જાણી લીધું કે બાજુના પરિવારને ત્યાં સફળતાની દેવીનો વાસ છે અને દરરોજ વહેલી સવારે સવારે સફળતાની દેવી એમને આશીર્વાદ આપવા એમના ઘરે આવે છે. હવે આ વકિલે પણ એમના ત્રણ દિકરાને સફળતાની દેવીને રીઝવવા પ્રયાસ કરવા કહ્યું. 'હું આવતીકાલે વહેલી સવારે તમારે ત્યાં આવીશ.' વડીલ ખુશ થઈ ગયા એમણે એમના ત્રણેય દીકરાને એ દિવસે વહેલા ઉઠાડ્યા. દરવાજે બેલ વાગ્યો એટલે વડીલે મોટા દીકરાને કહ્યું, 'જાં, તું સૌથી મોટો છે, દરવાજો ખોલી અને સફળતાની દેવીને તેડી લાવ'. મોટો કહે, 'હું નહીં જાઉં, હું મોટો છું. વચેટને કહેજો.' વડીલે બીજા નંબરના દીકરાને કહ્યું, બીજા નંબરનો દીકરો કહે, 'હું ન્હાવા જાઉં છું મને વાર લાગશે, સૌથી નાનાભાઈને કહેજો.' વડીલે નાના ને કહ્યું, નાનો દીકરો કહે 'હું કોમ્પ્યુટર ઉપર અગત્યનું કામ કરું છું, બાપુજી તમે જ જાવ.' વડીલ લાકડીને ટેકે ચાલતા ચાલતા દરવાજે પહોંચ્યા, દરવાજો ખોલીને જોયું તો સફળતાની દેવી ચાલતા ચાલતા જતા હતા. વકીલે તેમની પાછળ દોડીને કહ્યું, 'તમે મારે ઘેર કેમ ન આવ્યાં?' સફળતાના દેવીએ જવાબ આપ્યો. 'હું આવી તો હતી પણ તમારા કોઈમાં એકતા કયાં હતી! મારો પહેલો નિયમ છે કે એકતા ત્યાં સફળતાની દેવી, વળી બાજુના પરિવારમાં બધા જ વચ્ચે ખૂબ સંપ છે તેથી હું તેમના પર પ્રસન્ન છું.' વડીલને પરિવારની નિષ્ફળતાનું કારણ સમજાઈ ગયું.

# કોંગ્રેસનો જીર્ણોદ્ધાર જરૂરી

તંત્રીસ્થાનેથી...

કોંગ્રેસ પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણીમાં સાંપડેલી હાર પછી રીતસર સમસમી ગઈ છે.ગુજરાત વિધાનસભામાં રમૂજ ખાતર વરિષ્ઠ કોંગ્રેસી નેતા શક્તિસિંહ ભલે 'કોંગ્રેસ મુક્ત'ને બદલે ભાજપ 'કોંગ્રેસ યુક્ત' ભારત બનાવી રહ્યું હોવાનું ટીખળ કરે, પરંતે જે કડવી વાસ્તવિકતા છે તે એ કે કોંગ્રેસનું નિરંતર ધોવાણ જ થતું રહ્યું છે. એક તબક્કો એવો પણ આવી શકે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું 'કોંગ્રેસ મુક્ત' ભારતનું સપનું સાચું ઠરવાની સંભાવના વરતાવા માંડે. કયારેક પંજાબના મહારાજા રણજિતસિંહે બ્રિટીશ કાલીન હિંદુસ્તાનનો નકશો જોઈને એમાં લાલ રંગના બ્રિટીશ હકૂમત હેઠળના પ્રદેશને જોઈ નિરાશાભરી આગાહી કરેલી : 'સબ લાલ હો જાયેગા' કમનસીબે એ આગાણી સાચી પડી હતી. કદાચ એ જ રીતે આખું ભારત કેસરિયા રંગે રંગાઈ જાય તો એની નવાઈ ન લાગવી જોઈએ. મૂળે કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષમાં બહુમતી હિંદુ મતદાર સમુદાયને 'ટેકન ફોર ગ્રાન્ટેડ' લેવાની રાજનીતિનું આ પરિણામ છે. વળી કોંગ્રેસમાં ઈંદિરા ગાંધીના નિધન પછી નેતૃત્વનો શૂન્યાવકાશ જ રહ્યો છે. પ્રજાએ રાજીવ ગાંધીને તો સહાનુભૂતિના મોજા પર ખભે બેસાડી લીધેલા. એમના શાસનકાળમાં શાહબાનો કેસ પણ બન્યો અને રામલલાને ઊંઘમાંથી જગાડવાનું અધકચરું પગલું પણ ભરાયું. તમિલ સમુદાયના નરસંહાર માટે કૃતસંકલ્પ શ્રીલંકા સરકારને 'શાંતિ સેના' મોકલાવીને મદદ કરવાનું પગલું પણ કોંગ્રેસ માટે કારમો ઘા સાબિત થયું. સોનિયા ગાંધીને દેશે કયારેય ખરા અંતઃકરણથી સ્વીકાર્યા નથી. દેશની પ્રજા જાણે છે કે આ માનુની વિદેશી મૂળનાં હોઈ એમને માટી સાથે સગાઈ નથી - એ જે કંઈ બોલે છે તે કોઈ બીજાએ લખી આપેલું હોય છે. રાહુલ ગાંધી શરૂથી જ નિષ્ફળતાનું પર્યાયવાચી પ્રતીક બની રહ્યા છે. એટલે પંજાબમાં જેમ કોંગ્રેસ સત્તા કબજે કરી શકી કે મણિપુરમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઊપસી આવી તો તે જે - તે સ્થાનિક નેતાઓના પ્રભાવનું પરિણામ છે, એટલું કોંગ્રેસના કહેવાતા હાઈ કમાન્ડે ખુલ્લા દિલે સ્વીકારવું પડશે. નહેરુ - ગાંધી પરિવારના જ પ્રતિનિધિને આગળ ધરીને જંગ જીતી શકાશે, એવી રુગ્ણ માનસિકતામાંથી કોંગ્રેસીઓએ વેળાસર બહાર નીકળવાની જરૂર છે. ગોવામાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી પ્રતાપસિંહ રાણેના પુત્ર વિશ્વજિત રાણે અને મુંબઈનાં લોકપ્રિય કોંગ્રેસી સાંસદ પ્રિયા દત્ત ઉપરાંત વરિષ્ઠ કોંગ્રસી અગ્રણી મણિશંકર ઐયરે કોંગ્રેસની નેતાગીરીમાં ધરમૂળ પરિવર્તન કરવાની માગણી કરી છે તે યોગ્ય છે. કોંગ્રેસને હવે 'મેજર સર્જરી' ની જરૂર છે. એકલા રાહુલ-પ્રિયંકાને પ્રોજેક્ટ કરવાથી તો સ્થિતિ વધુ કથળશે. કોંગ્રેસ ફિનિક્સ પંખીની જેમ પોતાની રાખમાંથી બેઠી થવું હશે તો પ્રદેશે પ્રદેશે પાણીદાર નેતૃત્વની પરખ કરી સહિયારું રાષ્ટ્રીય નેતૃત્વ તૈયાર કરવું પડશે. કોંગ્રેસ આવી પડેલા પડકારને થવાની શક્યતાઓ બચેલી છે, કારણ કે એનાં મૂળિયાં ઘણા ઊંડા છે અને એનો ભૂતકાળ ભવ્ય છે.

# 'ગાંધીવાદ' સામે ય ગાંધીનો વિરોધ



ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

**ગાંધી કોઈ પણ વાદ કે ઈઝમના વિરોધી હતા ખુદ પોતાના વિચારોને પણ તેમને 'વાદ' મુક્ત રાખ્યા હતા**

આપણા દેશમાં જેટલું ગાંધીજી વિશે કહેવાયું અને લખાયું છે એનાથી વધુ દુનિયાના અન્ય દેશોમાં આ કામ થયું છે. સત્ય અને અહિંસાના સિદ્ધાંતોના ગાંધીએ જે પ્રયોગો કર્યા અને એના આધારે એક નવી બુનિયાદ રચી હતી. ગાંધીજીએ દોરેલા રસ્તા ઉપર જવું પડે એવી સ્થિતિ વખતોવખત દુનિયાએ જોવી પડી છે. સત્ય અને અહિંસાને જો અપનાવવામાં ન આવે તો જુઠાણાં અને ફરેબથી ભરેલી રાજનીતિથી કે સંહારક શસ્ત્રોથી કોઈ સવાલો ઉકેલી શકાશે નહીં, ઉલ્ટાના આ સવાલો વધુ વકરે એવી સ્થિતિ પેદા થશે. આવી સ્થિતિમાં ગાંધીએ બતાવેલો માર્ગ જ પકડવો સહેલો પડશે. ગાંધીનો માર્ગે જાણકારીને મેળવીને પસંદ કરવામાં આવે કે મજબૂરીથી પણ એ રસ્તે જવું પડશે એવી સ્થિતિ હશે. સવાલ એવો થાય કે શું આને ગાંધીવાદ કહેવાય ?

ગાંધીવાદ કોને કહેવાય ? આ સવાલને જરા જુદી રીતે પણ જોવો જોઈએ. ગાંધીજીની ફિલોસોફી, ગાંધી વિચાર કે ગાંધીવાદ - આ ત્રણેય એક સમાન શબ્દાર્થી મુદ્દા એવા નથી કે તેને સમજવા માટે બહુ મુશ્કેલી પડે. આ વિચારને સમજવા માટે કોઈ અભણ માણસ પણ સહેજ સમજી શકે છે અને તેનો અમલ પણ કરી શકે છે.

સમાજનો કોઈ પણ માણસ એમ ઈચ્છતો હોય છે કે બીજો કોઈ વ્યક્તિ તેની સાથે અસત્યનો વર્તાવ કે વ્યવહાર ન કરે. પોતાને દગો ન દે કે મુશ્કેલી ન પહોંચાડે. ગાંધીના વિચારમાં આજ વાત વ્યક્ત થાય છે. પ્રાચીન સમયથી ભારતીય સમાજના ઉદાર માનવોએ એક વાત કરી હતી 'જો અન્ય લોકોથી સાચો અને પ્રેમભર્યો વ્યવહાર ઈચ્છતા હો તો તમે તમારા દિલમાંથી અસત્ય અને અહિંસાનો દૂર કરો.' દુર્બળ શરીર ભલે હોય પરંતુ સત્યનો પ્રયોગ મજબૂત મનનો માનવી કરી શકે છે.

ગાંધીજીએ આ પ્રાચીન સમયથી ચાલી આવતી પદ્ધતિને જ આગળ વધારી હતી પરંતુ જરા જુદી રીતે. ગાંધીજીએ એક પછી એક જુદા જુદા પ્રયોગોના આધારે એવું દર્શાવ્યું કે, 'જયાં અસત્ય છે ત્યાં ભય છે ત્યાં ભય છે અને જયાં ભય છે ત્યાં દુર્બળતા છે -' આ વાત પ્રાચીનકાળમાં પણ ઋષિ-મુનિઓ અને મહામાનવોએ કરી હતી.તેનો અમલ પણ કર્યો હતો પરંતુ એ વિચાર સાધના વ્યક્તિગત રહી હતી. જે ઉમદા માનવોએ આ વાત સમજી હતી તેમણે પોતાના અને પોતાનાથી થોડા આગળ વધીને પોતાના શિષ્યોમાં (અનુયાયીઓ) સત્ય અને અહિંસાનો પ્રસાર કર્યો હતો. ગાંધીજીએ આ પ્રાચીનકાળના ગણિતને અગણિત રીતે ફેલાવવાનું કામ કર્યું. ગાંધીએ સત્ય અને અહિંસાના પ્રાચીન વિજ્ઞાનને પ્રયોગાત્મક વિજ્ઞાનનું રૂપ આપ્યું. જીવનના તમામ તબક્કાઓને તેમણે સત્ય અને અહિંસાના સૌથી પહેલા પોતાની જાત ઉપર પારખાં કર્યા. સમાજની અંદર વણાઈ ગયેલા રીત-રિવાજ, રૂઢિઓ, વ્યવસ્થાનોથી માંડીને રાજયવ્યવસ્થા સુધીની દરેક બાબતોમાં સત્ય અને પ્રેમ સાથે ભરવાનો પ્રયાસ કર્યો. આ પ્રયાસ - પ્રયોગ જનસામાન્ય સુધી વિસ્તાર્યો. જેણે આપણે સહુ 'ગાંધીવાદ' તરીકે ગણાવીએ છીએ કે ઓળખીએ છીએ.

પણ ખુદ મહાત્મા ગાંધીને પોતાના નામ સાથે જોડાયેલા 'વાદ' સામે નાપસંદગી હતી. 'ગાંધીવાદ' એવા શબ્દથી તેમણે દૂર રહેવા સૂચવ્યું હતું. તેમણે 'ગાંધીવાદ'માં ખતરો છે એવો ભાવ વ્યક્ત કરતાં કહ્યું હતું કે પ્રાચીન ભારતીય વિચારો ખૂબ સરળતાથી આગળ વધે પરંતુ એની સાથે કોઈ અપૂર્ણ આદમીનું નામ જોડીને 'વાદ' કે 'ઈઝમ' ના વાડામાં તેને બાંધવું ન જોઈએ. તેમણે કહ્યું કે ઈતિહાસ પણ સાક્ષી છે કે મહાપુરુષના વચનોનું તેજ ત્યારે મંદ પડી જાય છે જયારે તેમના નામ સાથે કોઈ વિચારવાદને એક સીમિત ચોકઠામાં બાંધી દેવામાં આવે છે.

ગાંધીજીના મનમાં કયારેય પોતાના સત્યના પ્રયોગો કે વિચારો કોઈ 'વાદ' ન હતા. આ વાત આપણે સમજવી જોઈએ. ખાસ તો 'મજબૂરી' કામ નામ મહાત્મા ગાંધી એવા શબ્દ પ્રયોગવીરોએ તે સમજવી જ રહી.

(લેખક સમાજશઆસ્ત્રના અધ્યાપક છે.)

# ડેલીએ બેઠો અડિખમ ડુંગરો : દેતાં દેતાં મેં દીઠો





ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

ભાવનગરના રાજયકવિ પિંગળશીભાઈ પાતાભાઈ નરેલાનો ઉલ્લેખ આપણાં સાહિત્ય જગતમાં ખૂબ આદરપૂર્વક કરવામાં આવે છે. આમ થાય તે સ્વાભાવિક પણ છે. માર્ચ-૧૯૩૯ માં કવિરાજ ગયા ત્યારે લોકસાહિત્યના મર્મજ્ઞ મેઘાણીભાઈએ તેમને ભવ્ય અંજલિ આપી. જન્મભૂમિ (મુંબઈ) તથા ફૂલછાબ (રાજકોટ) માં મેઘાણીભાઈએ લખ્યું કે કવિરાજના અવસાનથી ગરવાનું ટૂક તુટી પડ્યું હોય તેવી લાગણી થાય છે. સાડા આઠ દાયકાનું ભાતીગળ તથા અર્થસભર જીવન જીવી જનાર આ કવિ સાહિત્ય જગતમાં પોતાના સર્જનો થકી અમીટ છાપ ઊભી કરતા ગયા છે. કવિરાજની કવિતાઓની વાણી સરળ હતી. આથી તેમના કાવ્યો ગામડે ગામડે ગવાતા રહ્યા છે. કવિરાજ એક ઉત્તમ વાર્તાકાર પણ હોવાથી તેમની કહેણીની અદ્દભૂત છટાથી શ્રોતા સમુહ હમેશા પ્રભાવિત થતો હતો. ભાવનગરના ત્રણ ત્રણ પ્રતાપી રાજવીઓ - મહારાજા તખ્તસિંહજી, ભાવસિંહજી તેમજ કૃષ્ણકુમારસિંહજીનો વિશ્વાસ તથા સ્નેહ કવિરાજ પ્રાપ્ત કરી શક્યા તે એક વિરલ ઘટના સમાન હકીકત છે. કવિરાજની ઓળખ તેમની ઉજળી મહેમાનગતી થકી વિશેષ ખીલી હતી. કવિરાજના કાવ્યોનું સત્ય જોતાં તેઓ હક્કથી નરસિંહ કે દયારામની હરોળમાં બેસી શકે તેમ છે. કવિના પૌત્ર બળદેવભાઈ નરેલાને ઘણાં લોકોએ નજીકના ભૂતકાળમાં જોયેલા છે. બળદેવભાઈ એક સંસ્કારમૂર્તિ સમાન સાહિત્યના વાહક હતા અને સૌજન્યની જીવંત પ્રતિકૃતિ સમાન હતા. ઈ.સ. ૧૮૫૬ થી ૧૯૩૯ સુધીનું સુદીર્ઘ જીવન જીવીને કવિરાજ વ્યાપક યશ અને કીર્તિના હક્કદાર પોતાની કરણી તથા કથની થકી થયા છે. જીવનના ઊંચા મૂલ્યો જાળવીને જીવી જવાની કવિની પ્રકૃતિ તથા કાવ્યબાનીની સરળતા માટે કવિની સ્મૃતિ ચિરંજીવી થવા સર્જાયેલી છે. પોતાનાથી વિખૂટા પડેલા પરંતુ હમેશા વહાલા લાગતા કાનને મીઠો ઠપકો આપતા ભોળા વ્રજવાસીઓની લાગણીને કવિએ કેવી સુંદર રીતે બોલચાલની લઢણમાં ઢાળી છે તે જોઈને પ્રસન્નતા થાય છે. મીરાં અને નરસિંહની સ્નેહભક્તિનો રસ કવિરાજ પિંગળશીભાઈના કાવ્યોમાં વહેતો રહેલો છે.

કહેવું શું તમને કાના
નંદકુંવર નથી નાના રે...
જો જાણ્યા હોત તમને આવા
જીવન દેત નહીં કદી જાવા
ખોટા ખોટા સોગન ખાવા
તમને ઘટે નહિ માવા રે...

ભાતીગળ રંગોના મેઘધનુષની રંગછોળો હાલના દિવસોમાં સમાજ જીવનને અનેક નૂતન રંગોની છાયામાં ઢાળે છે. હોળી-ધૂળેટીના આ દિવસો બહાર તથા ભીતરથી રંગાઈ જવાના છે. આવા દિવસોમાંજ રાજ્ય કવિ પિંગળશીભાઈ જેવા રંગદર્શીની ચિર વિદાય ઘણાંની સ્મૃતિમાં તાજી થાય છે. વાર્તાકથનની એક આગવી તથા ઝમકદાર શૈલિ પણ આ કવિ સાથેજ જાણે કે અસ્ત પામી. નજીકના ભૂતકાળમાં વાતોના મર્મી શ્રી કાનજી ભુટા બારોટ તથા શ્રી બચુભાઈ ગઢવી પણ વાર્તાકથનની પોતાની આગવી શૈલિથી લોક હદયમાં સ્થાન મેળવી શક્યા છે. દરબાર સાહેબ શ્રી પુંજા વાળા આજે જૈફવયે પણ કથનની આ શૈલિને ઉજાગર કરીને કથા સાહિત્યના અજવાળા પાથરી રહેલા છે.

કવિ શ્રી નાનાલાલે રાજ્ય કવિ શ્રી પિંગળશીભાઈ પાતાભાઈ નરેલા (૧૮૫૬-૧૯૩૯)ના અવસાનના સમાચાર સાંભળીને પિંગળશીભાઈના પુત્ર શ્રી હરદાનભાઈને સાંત્વના આપવા માટે એક પત્ર લખ્યો. નાનાલાલ લખે છે કે "પિંગળશીભાઈના અવસાનથી ભાવનગરની કાવ્યકલગી ખરી પડી છે. ભાવનગર મહારાજાના મુગટમાંથી એક હીરો ખરી પડ્યો છે. ગુજરાતની જૂની કવિતાનો છેલ્લો સિતારો આજે આથમ્યો" આવા કવિશ્રીનો જન્મ ભાવનગર જિલ્લાના સિહોર ગામમાં ઓકટોબર-૧૮૫૬ માં થયેલો. તેમના પિતા શ્રી પાતાભાઈ નરેલા પણ ભાવનગર રાજયના સુપ્રસિધ્ધ કવિ હતા. શ્રી ચંદ્રવદન મહેતાએ લખ્યું છે કે ભક્તિનો જે દોર નરસિંહ, મીરાં, ભોજલરામ ધીરા તથા દયારામની રચનાઓમાં વણાયેલો હતો એજ દોરમાં પરોવાયેલા હોય તેવા કાવ્યો પિંગળશીભાઈના છે. ઉપરાંત તેઓ પોતાની વાણીના અસ્ખલિત પ્રવાહથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતા હતા તેનું સંભારણું પણ સ્વાનુભવેજ ચંદ્રવદન મહેતાએ લખેલું છે. પિંગળશીભાઈની કવિતાઓ શબ્દાડંબર વાળી નહિ પરંતુ મહદ અંશે સરળ ભાષામાં લખાયેલી હતી. કાવ્યની સરળતા તથા વિષય વૈવિધ્યતાને કારણે તેમની ઘણી રચનાઓ લોકપ્રિય થઈ છે. આવી રચનાઓ પાઠ્ય પુસ્તકોના માધ્યમથી આવતી પેઢી સુધી પહોંચી છે.

ગજબ હાથે ગુજારીને પછી કાશી ગયાથી શું?
મળી દુનિયામાં બદનામી પછી નાસી ગયાથી શું?
દુ:ખી વખતે નહિ દીધું પછી ખોટી દયાથી શું?
સુકાયા મોલ સૃષ્ટિના પછી વૃષ્ટિ થયાથી શું?
વિચાર્યું નહિ લઘુવયમાં પછી વિદ્યા ભણ્યાથી શું?
જગતમાં કોઈ નવજાણે જનેતાના જણ્યાથી શું?
સમય પર લાભ આપ્યો નહિ પછી તે ચાકરીથી શું?
મળ્યું નહિ દૂધ મહિષીનું, પછી બાંધી બાકરીથી શું?
ના ખાધું કે ન ખવડાવ્યું દુ:ખી થઈને રળ્યાથી શું?
કવિ પિંગળ કહે પૈસા મુઆ વખતે મળ્યાથી શું?

કવિ પિંગળશીભાઈને શ્રધ્ધાંજલિ આપતા શ્રી ઝવેરચંદ મેઘાણીએ લખ્યું હતું કે કવિ 'સર્જનશક્તિનો પુંજ' હતા. આઠ દાયકાથી પણ વિશેષ જીવનમાં કવિ પિંગળશીભાઈએ સાહિત્યમાં કદી વિસ્મૃત ન થાય તેવું પ્રદાન કરેલું છે. મેઘાણીભાઈ ભારે હૈયે કવિરાજને શ્રધ્ધાંજલિ આપતા લખે છે : "કવિરાજ ફાગણ સુદ-૧૪ ના રોજ ગયા. હજુ એક પખવાડીયા પહેલાંજ હું એ મારા તીર્થસ્વરૂપ ચારણ દેવના દર્શને ગયો હતો. કોઈ જોગંદરને શોભે તેવી છટાથી તેઓ બેઠા હતા. અવાજ મેઘકંઠીલો. જૂના ઈતિહાસના મારા સંશોધનના પ્રશ્નોના અણીશુધ્ધ અને અખંડ જવાબો આપે. સત્તાસી વર્ષની ઉમ્મરે સહેજ પણ સ્મૃતિલોપ નહિ કે જીભનો થોથરાટ પણ નહિ. ગુજરાતે વિદ્યાગુરુ ગુમાવ્યા છે." ભગતબાપુના લખેલા શબ્દો યાદ આવે.

સઘળે સ્થાનકે દીઠો
પિંગળશીને સઘળે સ્થાનકે દીઠો
મહારાજાઓને ડાયરે ડાયરે
સાચું સંભળાવતો મેં દીઠો
ઝૂંપડીઓની વણીને વેદના
ગીતમાં ગાતો મેં દીઠો...
ભકતોના પાતળીઆ તંબુરના
તારમાં, છેવટ સમાતો મેં દીઠો.

# સર્જકો મૂલ્યવાન સર્જન કરે તે જરૂરી



સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

'બાળ સાહિત્ય અને આપણે' વિષે ફિલિપ કલાર્કની સાહિત્યગોષ્ઠિ

ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ચંદ્રકાન્ત શેઠ પ્રેરિત બાલમિત્ર વ્યાખ્યાનમાળા અંતર્ગત બાલસાહિત્યકાર અને ગઝલકાર ફિલિપ કલાર્કનો 'બાલસાહિત્ય અને આપણે' વિષયક સાહિત્યિક કાર્યક્રમ યોજાઈ ગયો.

કાર્યક્રમની શરુઆત મા શારદાની સ્તુતિ વંદનાથી કર્યા બાદ, ફિલિપ કલાર્કનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. નિવૃત્ત આઈએએસ અને સાહિત્યકાર એચ.બી. વરિયા દ્વારા પુષ્પગુચ્છથી મહેમાન ફિલિપ કલાર્કનું સ્વાગત કરવામાં આવ્યું. અધ્યક્ષ સ્થાનેથી તેમની ઓળખનાં ઓજસ પાથરવામાં આવ્યા. માર્ચ માસમાં જે સભ્યોના જન્મદિન આવે છે તેમને શુભેચ્છા આપવામાં આવી.

મહેમાન ફિલિપ કલાર્કે બાળસાહિત્યની વિભાવનામાં જણાવ્યું કે, સાહિત્યનું બે વિભાગમાં - બાળસાહિત્ય અને પ્રૌઢસાહિત્યમાં વર્ગીકરણ થયેલ છે. બાળસાહિત્ય એ પાયાનું સાહિત્ય છે. સમૃદ્ધ બાળસાહિત્ય બાળકને, સમાજને અને દેશને સમૃદ્ધ બનાવે છે. આપણે બાળકને નાદાન અને છોકરમત સમજીએ છીએ અને તે રીતે બાળસાહિત્યની પણ અવગણના કરીએ છીએ. સારું બાળસાહિત્ય સર્જાય અને દરેક બાળક હોંશે હોંશે વાંચે એ જોવાની જરૂરિયાત સર્જકો, પ્રકાશકો, વાલીગણ, શિક્ષકો અને ભાવકોની બની રહે છે, બાળકોને સંસ્કારવા, બાળચેતનાને સંકોરવી, વાસ્તવિક પરિવેશથી વાકેફ કરી, અનિષ્ઠથી બચાવી, પ્રાકૃતિક અને સાંસ્કૃતિક પ્રદૂષણોથી દૂર રહેવાનું બાળસાહિત્યકારે બાળસાહિત્ય મારફત શીખવવું અતિઆવશ્યક છે. બાળસાહિત્યના સર્જન માટે, લેખકે વિતેલા બાળપણને ફરી અનુભવવાનું હોય છે, તેણે બાળક જેવા બની જવાનું અને બાળભોગ્ય અને બાળસહજ અનુભૂતિઓને બાળસહજ મિજાજ દ્વારા બાળસાહિત્યમાં પીરસવાની હોય છે. ટેકનોલોજીના વિકાસે વિવિધ માધ્યમો દ્વારા બાળલક્ષી કાર્યક્રમોનું પ્રસારણ વધારી દીધું છે, પરંતુ આમાં ખરેખર કેટલું સાહિત્ય બાળસાહિત્ય છે એ પ્રશ્ન મૂંઝવણ બની રહે છે. આવાં પ્રસારણોમાં યુદ્ધ, હિંસા, પ્રેમ, જાતિયતા, ગુન્હાખોરી અને અન્ય વિપરીત બાબતો જોઈ, બાળક પુખ્ત બની જાય છે, પરિણામે તેનામાં રહેલા નિર્દોષતા, ભોળપણ, બાળસહજ લાક્ષણિકતાઓ લુપ્ત થવાને આરે આવી ગયાં છે. બાળસાહિત્યે અનેક રીતે ઘણો જ વિકાસ કર્યો છે, પણ બાળકની એમાંથી બાદબાદી થઈ ગઈ એમ લાગે છે. બાળસાહિત્યના કાર્યક્રમોમાં બાળકોને બદલે વયસ્કો જ હોય છે. બાળકો આળસુ, પ્રમાદી અને તરંગી બને એવું બાળસાહિત્ય એમને આપવાનું નથી. સર્જકો મૂલ્યવાન સર્જન કરે, ચિત્રકારો સુંદર ચિત્રો દોરે અને પ્રકાશકો તેને અર્થઉપાર્જનની વિશેષ ભાવના ત્યજીને આકર્ષિત રીતે પ્રકાશિત કરે તે જરૂરી છે. બાળસાહિત્યનાં મુખ્ય ચાર અંગોમાં વાર્તા, કવિતા, ચરિત્ર અને નાટક છે. બાળવાર્તામાં બાળસહજ કલ્પના અને વિસ્મય, રહસ્યનું પ્રાગટ્ય અને તેનું નિરાકરણ સ્પષ્ટ રીતે હોવા જોઈએ. બાળકાવ્યમાં બાળલક્ષી ભાવ, પર્યાવરણનું નિરુપણ, લય અને પ્રાસ હોવા જરૂરી છે. બાળનાટકમાં બાળભોગ્ય સંવાદ અને કથાવસ્તુ હળવા મનોરંજન સાથે પીરસાવા જોઈએ. જીવનચરિત્રો અને જ્ઞાનવિજ્ઞાન ક્ષેત્રે ઝાઝુ ખેડાણ થયું નથી. સાહિત્ય સર્જન સાથે તેનું વિવેચન પણ જરૂરી છે, જે તેના વિકાસ, પ્રચાર અને પ્રસારમાં ફાળો આપી, બાળસાહિત્યની વિકાસયાત્રાને આગળ ધપાવે. આ સિદ્ધહસ્ત લેખક - કવિએ પાંચ કાવ્ય ગઝલસંગ્રહો, સત્તર બાળકાવ્ય - બાળગીત - બાળવાર્તા - બાળવ્યંગકથા, બાળહસ્યકથા સંગ્રહો બહાર પાડેલ છે. તેમનો બાળગીત સંગ્રહ 'રીમઝીમ રીમઝીમ' ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત થયેલ છે.

ગુજરાતી ભાષા સાહિત્યના ભાવકો અને ચાહકો દરેક યુગના સર્જકો અંગે ઊંડાણથી પરિચય અને ઓમ કોમ્પ્યુનિકેશન દ્વારા ૨૦મીથી પાંચ દિવસના 'સાહિત્ય પંચામૃત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મધ્યકાલીન યુગ, સુધારક યુગ, પંડિત યુગ, ગાંધીયુગ, અનુ ગાંધીયુગ, આધુનિકયુગ અને અનુઆધુનિક યુગ વિશે વ્યાખ્યાન' આત્મા હોલ, મિલ ઓનર્સ, બિલ્ડીંગ ઓડિટોરીયમ, સિટી ગોલ્ડ સિનેમાની સામે આશ્રમ રોડ, અમદાવાદ ખાતે નીચે મુજબ દરરોજ સાંજે ૬.૦૦ વાગે યોજાશે, જેનો લાભ રસ ધરાવતા વાચકો અને ભાવકો લઈ શકશે.

- તા. ૨૦ માર્ચ - મધ્યકાલીન યુગ, આધ્યકવિ નરસિંહ મહેતા, 'લટકો સવા લાખનો' જવાહર બક્ષી અને માધવ રામાનુજ.
- તા. ૨૧ માર્ચ - સુધારકયુગ - નર્મદ - 'ઊગ્યું અરુણું પરભાત' પ્રવીણ દરજી અને રાજેશ વ્યાસ 'મિસ્કીન.'
- તા. ૨૨ માર્ચ, બુધવાર : પંડિત યુગ - ગોવર્ધનરામ ત્રિપાઠી, 'સુંદરગિરિ શિખર' - યોગેન્દ્ર વ્યાસ અને લતા હિરાણી.
- તા. ૨૩ માર્ચ, ગુરુવાર : ગાંધીયુગ - ઉમાશંકર જોષી - 'અવનીનું અમૃત' મણિલાલ હ.પટેલ
- ૨૪ માર્ચ, શુક્રવાર - આધુનિક યુગ - સુરેશ જોષી 'વિસ્મયનો વૈભવ' ભાગ્યેશ જહા, ચિનુ મોદી અને વિજય પંડ્યા. અનુઆધુનિક યુગ - નીરવ પટેલ, અને હિમાંશી શેલત 'આઠમો રંગ' - નિસર્ગ આહીર અને પૂર્વી ઓઝા.
- ગુજરાતી સાહિત્ય પરિષદ અને સચ્ચિદાનંદ સેવા સમાજ ટ્રસ્ટ દંતાલી દ્વારા, ગુજરાતી સાહિત્યમાં ઉત્તમ પ્રદાન કરનાર સર્જકો, (૧) ગુલામ મોહમ્મદ શેખ (૨૦૧૩ માટે) (૨) ધ્રુવ ભટ્ટ (૨૦૧૪ માટે) (૩) હિમાંશી શેલત (૨૦૧૫) માટે અને (૪) ડૉ. મોહન પરમાર (૨૦૧૬) માટે 'સચ્ચિદાનંદ સન્માન' દ્વારા સન્માનવામાં આવશે. સર્વેને અભિનંદન.
- ગુજરાત સાહિત્ય અકાદમીએ સુરતના ભગવતીકુમાર શર્માને સર્વોચ્ચ એવોર્ડ 'સાહિત્ય રત્ન' આપવાનું જાહેર કર્યું છે. તેમના કવિતા, નવલકથાના અનન્ય પ્રદાનને ધ્યાને લઈ, આ 'લાઈફટાઈમ એચીવમેન્ટ' માટે પુરસ્કારથી સન્માન કરવામાં આવશે.